જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
જિલ્લા સેવા સદન કેમ્પસ, જુની કોર્ટ બિલ્ડીંગમાં, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ :૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/NSP/૨૦૨૧-૨૨/૧૬૬૮ થી ૨૬૭૪ તા.૨૧/૦૯/૨૦૨૧

તાત્કાલીક/સમય મર્યાદા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ

પ્રતિ,

૧) શાસનાધિકારીશ્રી,સુરત.
૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત.
૩) આચાર્યશ્રી,સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ, જિ.સુરત
૪) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - કોલેજ તમામ, જિ.સુરત.
૫) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ - આઈ.ટી.આઈ તમામ, જિ.સુરત.

વિષય-: ભારત સરકારશ્રીની ધાર્મિક લઘુમતિ જાતિઓની વર્ષ:૨૦૨૧-૨૨ દરમિયાન N.S.P. 2.0 પોર્ટલ પર શાળા/કોલેજ/સંસ્થાના INO ની કામગીરી તથા યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય નવી દિલ્હી દ્વારા અમલીત "મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બોધ્ધ અને જૈન" જેવા ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃતિ યોજના વર્ષ:-૨૦૨૧-૨૨ માં NSP PORTAL (2.0) માં ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ છે. માન. સંયુકત નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના પત્ર કમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૮૨૦-૮૫૧,તા.૦૭-૦૯-૨૦૨૧ ની સૂચનાનુસાર અત્રેની કચેરીના તા.૨૩/૦૮/૨૦૨૧ ના પત્ર નં.જિનાનિ/વિ.જા./૨૦૨૧-૨૨/૧૫૨૭ અને તા.૦૩/૦૯/૨૦૨૧ ના પત્ર નં.જિનાનિ/વિ.જા./૨૦૨૧-૨૨/ ૧૫૯૬ થી ૧૬૦૧ થી વિગતવાર આપને જાણ કરેલ છે.

ચાલુ વર્ષ:૨૦૨૧-૨૨ માં તમામ શાળા/કોલેજ/સંસ્થાએ (INOs)નું Aadhaar based demographic authentication માટે INO ના આધાર પ્રમાણિકરણ (Aadhaar Authentication) ની સુવિધા NSP પોર્ટલ પર લાઇવ કરવામાં આવી છે, જે ફરજીયાત કરવાની થાય છે. તેમજ અત્રેની કચેરીના ઉપરોક્ત પત્ર અનુસાર આ બાબતે અગાઉ પણ આપને વિગતવાર જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં ઘણીબધી શાળા/કોલેજ/સંસ્થાઓના (INOs)ના Aadhaar based demographic authentication માટેની ઓનલાઇન પ્રક્રિયા હજુ બાકી છે. આ બાબતે લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓનો પણ અત્રેની કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરીને તેમની શાળા/કોલેજ/સંસ્થા ઓનલાઇન નહિ દેખાવા બાબતે પ્રશ્નો પૂછવામાં આવે છે. તો આ બાબતને ખૂબ જ ગંભીરતાપૂર્વક લઇને (INOs)નું Aadhaar based demographic authentication માટેની પ્રક્રિયા તાત્કાલિક તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવા આપને આજ્ઞાનુસાર વિનંતી કરવામાં આવે છે.

| Sr. No. | INSTITUTE DETAILS | | | | |
|---|---|---|---|---|---|
| | TOTAL INSTITUTE | KYC APPROVED (Year:2020-21) | KYC NOT APPROVED (Year:2020-21) | AADHAR AUTHENTICATION COMPLITED | AADHAR AUTHENTICATION PENDING (KYC APPROVED) |
| 1 | 3554 | 882 | 2672 | 130 | 752 |

વધુમાં જણાવવાનું કે, (INOs)ના Aadhaar based demographic authentication ની ઓનલાઇન વેરીફીકેશનની પ્રક્રિયા દરમિયાન (INOs) નું Aadhaar વેરીફાય ન થવાને કારણે તેઓ ઓનલાઇન Final

Submit કરી શકતા નથી તેવા પ્રશ્નો લઇને કેટલીક શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવામાં આવે છે. આ બાબતે આપને સ્પષ્ટ જણાવવાનું કે આ પ્રક્રિયા દરમિયાન (INOs) નું Aadhaar ની વિગતો જેવી કે Aadhar Number, Name as in Aadhar, Date of birth as in Aadhar, Gender as in Aadhar, Mobile no as in Aadhar (Aadhar No. સાથે Link કરેલો Mobile No. જ આપવાનો રહેશે) ફરજીયાત આધાર મુજબ જ કેરેક્ટર ટુ કેરેક્ટર દર્શાવવાની રહેશે જેથી UIDAI તરફથી ચકાસતી વખતે નિષ્ફળ જવાના પ્રશ્નો ઉપસ્થિત થાય નહિ અને સત્વરે આપની પ્રોફાઇલ અપડેટ કરી શકાય. તેમજ Institute Profile માં Registered Certificate (શાળા/કોલેજ/સંસ્થાની મંજુરી/માન્યતા પત્રની ખરી નકલ) ફરજીયાત Upload કરવાની રહેશે, ફાઇલ અપલોડ થયા બાદ Uploaded file પર ક્લીક કરીને આપનો મંજુરી પત્ર ખરેખર અપલોડ થયો છે કે કેમ તેની પણ ચકાસણી કરી લેવાની રહેશે ત્યાર બાદ જ આપની શાળા/કોલેજ/સંસ્થાની તમામ વિગતો ઓનલાઇન ચકાસણી કરીને Final Submit કરવાની રહેશે.

ચાલુ વર્ષ:૨૦૨૧-૨૨ માટે ધાર્મિક લઘુમતિના વિદ્યાર્થીઓ માટેની ઓનલાઇનની સમય મર્યાદા નીચે મુજબ છે. જે સમયમર્યાદા આખરી છે, જેથી ઓનલાઇન કરવાની થતી તમામ કામગીરી જેવી કે, INO નું આધાર ઓથેન્ટીકેશન, પ્રોફાઇલ અપડેટ કરવી, કોર્ષ અપડેટ કરવા, કોર્ષ ફી અપડેટ કરવી, ફ્રેશ અને રીન્યુઅલ અરજીઓની ચકાસણી કરી મંજુર/નામંજુર/ડીફેક્ટ કરવી, ડીફેક્ટ (ઓનલાઇન અરજીમાં સુધારો કરવા માટે વિદ્યાર્થીને પરત) કરેલ અરજીઓનું રી-વેરીફીકેશન કરવું તેમજ ભારત સરકારની જાહેરાતમાં દર્શાવ્યા મુજબની અન્ય તમામ કામગીરી નિયમોનુસાર જ નિયત થયેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. જો કોઇપણ શાળા/કોલેજ/સંસ્થા ઉપરોક્ત કામગીરી નિયત થયેલ સમયમર્યાદમાં પૂર્ણ નહિ કરે અને ભવિષ્યમાં શિષ્યવૃત્તિને લગતા જે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે, તો તેની તમામ જવાબદારી જે-તે શાળા//કોલેજ/સંસ્થાના INO અને આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

| શિષ્યવૃત્તિ યોજનાનું નામ | વિદ્યાર્થીઓએ નવી (Fresh) / જુની (Renewal) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ | શાળા/કોલેજ/સંસ્થાઓએ નવી (Fresh) / જુની (Renewal) અરજીઓ અને DEFECT થયેલી અરજીઓને ONLINE VERIFICATION કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| પ્રિ-મેટ્રીક | ૧૫/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| પોસ્ટ-મેટ્રીક | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| મેરીટ કમ મીન્સ | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |

ધાર્મિક લઘુમતિના વિદ્યાર્થીઓ તેમજ શાળા/કોલેજ/સંસ્થાએ કરવાની થતી કામગીરીની માહિતી/માર્ગદર્શન અંગેની વિગતવાર માહિતી આ વેબસાઇટ https://sje.gujarat.gov.in/ddcw/ ના હોમપેજ પર જમણી બાજુ ખૂણા પર આવેલ કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ પર ક્લીક કરતા વિષયવાર માહિતી ડોઉનલોડ કરીને જોઇ શકાય છે.

(આર.ડી.બલદાણિયા)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય જાણ સારૂ રવાના :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તથા આપના તાબા હેઠળની શાળા/સંસ્થાઓને જાણ કરવા અને કચેરીની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

જા.નં/મા-૨/N.S.P./૨૦૨૧/ ૧૫૦૩૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, જિ-સુરત.
તા.૦૭/૧૦/૨૦૨૧.

ઉકત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ-સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જિ-સુરત.